| | |
|---|---|
| ફાઈલ તારીખઃ | ૦૩/૦૩/૨૦૨૬ |
| દાખલ તારીખઃ | ૦૩/૦૩/૨૦૨૬ |
| ફેંસલ તારીખઃ | ૧૭/૦૩/૨૦૨૬ |
| અવધિઃ | વર્ષ માસ દિવસ<br>૦૦–૦૦–૧૪ |

-------------------------------------------

**મહેરબાન ભરૂચના પાંચમા એડીશનલ સેસન્સ જજ અને સ્પે.**
**એન.ડી.પી.એસ. જજસાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ.**

-------------------------------------------

**ફોજદારી પરચુરણ જામીન અરજી નં. : ૧૬૯/૨૦૨૬**
**આંક–**

**અરજદાર/આરોપી :–** **ઈલ્યાસભાઈ અલીહુસૈન મલેક**
ઉ.વ.૩૭, ધંધો– ડ્રાઈવર,
રહે. દેરોલ, નવીનગરી, શાલીમાર સોસાયટી
નજીક, તા.જી.ભરૂચ,
હાલ : સબજેલ, ભરૂચ.

**વિરૂધ્ધ**

**સામાવાળા :–** સરકારશ્રી

**વિષય:–** **બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩(૧) મુજબ દિન–૩૦ ના વચગાળાનાં જામીન મેળવવાની અરજી.**

-------------------------------------------

અરજદાર તરફે વિ.વકીલશ્રી :– એસ. આર. ઝાંઝરુકીયા
સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી :– જે.જે.પરમાર

-------------------------------------------

**:: ચુ કા દો ::**

(૧) ભરૂચ રૂરલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૯૦૧૧૨૪૦૭૯૪/૨૦૨૪ થી એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૨(સી), ૨૫ અને ૨૯ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી તરફે દિન–૩૦ નાં

વચગાળાના જામીન ઉપર મુકત થવા હાલની વચગાળાની જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપી તરફે રજુ **આંક–૦૩** નાં લીસ્ટ મુજબ હાલનાં અરજદાર/આરોપીએ આ અગાઉ નીચે મુજબ સેસન્સ કોર્ટમાં વચગાળાનાં જામીન મેળવવા અરજી કરેલ જે નામંજુર કરવામાં આવેલ અને ત્યારબાદ આરોપીએ વચગાળાનાં જામીન મેળવવા નામ. હાઈકોર્ટમાં જામીન અરજી કરેલ, જે પણ નામંજુર કરવામાં આવેલ છે.

(૧) ક્રિ.પ.અ.નં. ૯૬૩/૨૦૨૫ જે તા. ૦૫/૦૧/૨૦૨૬ નાં રોજ સેસન્સ કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવેલ.

(૨) ક્રિ.પ.અ.નં. ૨૦૪૮/૨૦૨૬ થી નામ. ગુજરાત હાઈકોર્ટમાં વચગાળાનાં જામીન ઉપર મુકત થવા જામીન અરજી કરેલ, જે નામ. હાઈકોર્ટ દ્વારા તા. ૨૯/૦૧/૨૦૨૬ નાં રોજ નામંજુર કરવામાં આવેલ છે.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા, ત.ક.અ.શ્રી તરફે રજુ **આંક–૦૬** નું સોંગદનામું તથા આરોપી તરફે **આંક–૦૩ અને આંક–૦૮** નાં લીસ્ટથી રજુ દસ્તાવેજો ઘ્યાને લીધા.

(૪) અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીની મુખ્યત્વે એવી દલીલ છે કે, અરજદાર/આરોપીને ઉપરોકત ગુનાનાં કામે તા.૦૭/૧૧/૨૦૨૪ નાં રોજ અટક કરી નામ. કોર્ટ રજુ કરેલ અને રીમાન્ડની માંગણી કરવામાં આવેલ અને રીમાન્ડ સમય પુર્ણ થતા અરજદાર/આરોપીને તા. ૧૫/૧૧/૨૦૨૪ નાં રોજ જયુડીશ્યલ કસ્ટડીમાં મોકલી આપેલ,

ત્યારથી આરોપી જ્યુડી. કસ્ટડીમાં છે. વધુમાં  રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતો કોઈ ગુનો કરેલ નથી, ખોટી રીતે હાલનાં ગુનામાં સંડોવી દીધેલ છે. અરજદાર/આરોપીનાં પત્ની આમેના ઈલ્યાસ મલેક પોતાનાં બે બાળકો (૧) આફીયા ઈલ્યાસ મલેક, ઉ. વ. ૯, (૨) અફિફા ઈલ્યાસ મલેક, ઉ. વ. ૫ ને આરોપી જયારથી જેલમાં હોય ત્યારથી પોતાનાં બન્ને બાળકો સાથે એકલભર્યુ જીવન જીવતા આવેલ હોય આરોપીનાં પત્નીએ પોતાનું તથા બાળકોનું ગુજરાન ચલાવવા માટે બહારનાં ઘરનાં કચરા, પોતા, બળતણ, સાફસફાઈ કરતા આવેલ છે અને હાલ આરોપીનાં પત્નીની તબીયત સારી ન રહેતી હોવાથી છેલ્લા ૬ મહિનાથી ઉધાર ઘરવખરીનો સામાન ખરીદતા આવેલ હોય, જેથી ચુકવણી કરવાની બાકી હોય તેમજ કપડાલત્તા, સ્કુલનો ખર્ચ, લાઈટબિલ વગેરેની નાણાંકીય સવલત કરવા માટે અને હાલમાં કુટુંબની અત્યંત દયનીય તથા વિકટ પરીસ્થિતી બની ગયેલ હોય, જેથી તમામ ખર્ચાઓનો ભાર ઉપાડવા માટે અરજદાર/આરોપી એકનો એક સહારો બની શકે તે માટે તેમજ પત્નીનું જીવન ટકાવવા તથા બાળકોનાં ભરણપોષણ માટે નાણાંકીય વ્યવસ્થા કરવા આરોપીની હાજરીની ખુબ જ જરૂરીયાત હોય, જેથી દિન–૩૦ નાં વચગાળાનાં જામીન આપવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, જો આરોપીને વચગાળાનાં જામીન આપવામાં નહી આવે તો, આરોપીનાં પત્ની તથા બાળકોનું જીવન ખોરવાઈ જશે, જેથી આરોપીની હાજરીની ખુબ જ જરૂરીયાત છે. અરજદાર/આરોપી આશરે ૧ વર્ષ ૩ માસ ૧૮ દિવસથી જ્યુડી. કસ્ટડીમાં કાચા કામના કેદી તરીકે સજા ભોગવી રહેલ છે અને આરોપીનાં પત્ની અને બાળકોની દેખભાળ કરવા માટે કોઈ જ

માણસ હયાત નથી અને આરોપી ભરૂચ મુકામે રહીને જ પરીવારને મદદ કરવાનાં હોય, જેથી વચગાળાના જામીન આપવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આરોપી વિરૂધ્ધનાં ગુનાના કામે એન.ડી.પી.એસ. કેસ નં. ૦૮/૨૦૨૫ થી ચાર્જશીટ દાખલ થઈ ગયેલ છે અને આરોપીની સબજેલમાં વર્તણૂંક ખુબ જ સારી છે, આરોપીના પત્ની તથા બન્ને બાળકો સાવ નિરાધારભર્યુ જીવન ગુજારી રહયા છે અને આરોપીની હાજરી વિના પત્ની તથા બાળકોનું જીવન દુ:ખના માહોલમાં સપડાય ન જાય જેથી આરોપીની હાજરીની જરૂરીયાત હોય, જેથી આરોપીને દિન–૩૦ નાં વચગાળાનાં જામીન આપવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આરોપી ભરૂચનાં કાયમી રહેવાસી છે, પેરોલ મંજુર કરવામાં આવે તો, રોજબરોજ લાગતા–વળગતા પો.સ્ટે.માં હાજરી પુરાવશે અને આરોપી કયાંય નાસી ભાગી જાય તેવા ઈસમ નથી, જેથી આરોપીનાં પત્ની તથા બાળકો ઉપર દયાભાવ રાખી ન્યાયનો હેતું માર્યો ન જાય માનવતાના ધોરણે આરોપીનાં દિન–૩૦ ના વચગાળાનાં જામીન મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી. ની આઈ.ઓ.ના **આંક–૦૬** ના સોંગદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી ગુનાની હકીકત બાબતે જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપી ગંભીર પ્રકારના કોમર્શીયલ કોન્ટીટીમા ડ્રગ્સની હેરાફેરીના ગુનામા સંડોવાયેલ છે આરોપી સામે પ્રાઈમાફેસી કેસ છે અને પોલીસે પુરતા પુરાવાઓ મેળવી ચાર્જશીટ દાખલ કરેલ છે. વધુમા દલીલ છે કે, હાલના અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવામા આવેલ

છે તેમજ અન્ય સહ–આરોપીઓની જામીન અરજી પણ નામંજુર થયેલ છે. વધુમાં દલીલ છે કે, હાલનાં અરજદાર/આરોપીએ આ અગાઉ ક્રિ.પ.અ.નં. ૯૬૩/૨૦૨૫ થી દિન–૩૦ નાં વચગાળાનાં જામીન મેળવવા અરજી કરેલ, તેમાં પણ તેઓએ નાણાંની સગવડ કરવા સારૂ વચગાળાનાં જામીનની માંગણી કરેલ, જે તા. ૦૫/૦૧/૨૦૨૬ નાં રોજ અત્રેની કોર્ટ દ્ધારા નામંજુર કરવામાં આવેલ અને ત્યારબાદ આરોપીએ નામ. ગુજરાત હાઈકોર્ટમાં ક્રિ.પ.અ.નં. ૨૦૪૮/૨૦૨૬ થી વચગાળાનાં જામીન મેળવવા અરજી કરેલી, તેમાં પણ આરોપીને નામ. હાઈકોર્ટે વચગાળાનાં જામીન આપેલ નથી, જેથી હાલની વચગાળાની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમા રજુઆત છે કે, હાલના અરજદાર/આરોપી સામે આ અગાઉ કુલ બે એન.ડી.પી.એસ. નાં ગુનાઓ નોંધાયેલા છે તેમજ ઈ.પી.કો. ની કલમ–૩૭૬ મુજબનો ગુનો તેમજ ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૯, ૧૨૦(બી), ૩૨૩ તથા જેલ અધિનિયમ ની કલમ–૪૫(૨)(૧૫) મુજબનો ગુનો નોંધાયેલ છે. આમ આરોપી રીઢા ગુનેગાર છે, જેથી આરોપીને વચગાળાના જામીન ઉપર મુકત કરવામા આવે તો ફરી વાર પોતાની ગુનાહીત પ્રવૃતી ચાલુ રાખી એમ.ડી. ડ્રગ્સની હેરફેર કરી વેચાણ કરી આજના યુવાધનને નશાના રવાડે ચડાવી સેવન કરવાની ટેવ પાડી શારીરીક અને આર્થીક રીતે નુકશાન પહોચાડી યુવાધન બરબાદ કરે તેમ હોય ગુનાહીત ઈતીહાસ ધ્યાને લઈ વચગાળાના જામીનની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૬) આરોપીઓ સામેના આક્ષેપીત ગુનાની હકીકત જોતા હાલના અરજદાર/આરોપી તથા અન્ય સહ–આરોપીઓના કબજા

ભોગવટાની ઈનોવા ગાડી નં.જી.જે.૧૬–એ.વી.–૧૬૫૫ મા ગેરકાયદેસર રીતે એમ.ડી.ડ્રગ્સ ૦.૧૮૦ કિ.ગ્રા.ની હેરાફેરી કરી ગુનો કર્યાનો આક્ષેપ છે. આમ, આરોપી સામે કોમર્શીયલ કોન્ટીટીનો કેસ છે અને આ અગાઉ આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવામા આવેલ છે તેમજ અન્ય સહ–આરોપીઓની પણ રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવામા આવેલ છે.

વધુમાં હાલનાં અરજદાર/આરોપીએ આ અગાઉ ક્રિ.પ.અ.નં. ૯૬૩/૨૦૨૫ થી તેમનાં ફેમીલી માટે નાણાંકીય વ્યવસ્થા કરવા માટે દિન–૩૦ નાં વચગાળાનાં જામીનની માંગણી કરેલ, જે તા. ૦૫/૦૧/૨૦૨૬ નાં રોજ અત્રેની કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીએ નામ. ગુજરાત હાઈકોર્ટમાં ક્રિ.પ.અ.નં. ૨૦૪૮/૨૦૨૬ થી વચગાળાનાં જામીન મેળવવા અરજી કરતા તા. ૨૯/૦૧/૨૦૨૬ નાં રોજ નામ. હાઈકોર્ટે અરજી નામંજુર કરેલ છે. આમ, હાલનાં અરજદાર/આરોપીને નામ. હાઈકોર્ટ દ્વારા પણ વચગાળાનાં જામીન આપવામાં આવેલ નથી તેમ છતા અરજદાર/આરોપીએ તા. ૦૩/૦૩/૨૦૨૬ નાં રોજ એટલે કે આશરે ૧ મહિનાની આસપાસ ફરીથી હાલની વચગાળાનાં જામીન મેળવવા અરજી કરેલ હોય, અરજદાર/આરોપીને વચગાળાનાં જામીન આપવા ન્યાયોચિત જણાતું નથી.

(૭) અરજદાર/આરોપીની અરજીની હકીકતો જોતા, મુખ્યત્વે તેમનાં પત્ની તથા બાળકોનાં ખર્ચાઓને પહોંચી વળવા તથા તેમનાં પત્નીએ ઉધાર ખરીદી કરેલ હોય તેનું બિલ ચુકવવા મુખ્યત્વે દિન–૩૦ નાં વચગાળાનાં જામીન મેળવવા અરજ કરેલ

છે અને નિ. ૩/૪ થી આશાપુર કિરાણા એન્ડ જનરલ સ્ટોરનાં જુદીજુદી તારીખોનાં બિલો રજુ કરેલ છે, આ બિલો જોતા, તેમાં કરીયાણાના સામાનની વિગતો તથા વજન તથા રકમ લખવામાં આવેલ છે, પરંતુ તેમાં કયાંય સ્ટોરનાં માલીકની કોઈ સહી નથી અને આ બિલો જોતા ઉધાર માલ આપ્યાનાં કોઈ બિલો હોય તેવી કોઈ જ હકીકત જણાતી નથી. આમ, અરજદારે આ બિલો માત્ર જામીન મેળવવાનાં હેતુથી ઉભા કરેલા હોય તેમ સ્પષ્ટ જણાય છે, તે સંજોગોમાં અરજદાર/આરોપીએ આવા ઉધાર ખરીદીનાં બિલો ચુકવવા પૈસાની વ્યવસ્થા કરવા વચગાળાનાં જામીનની માંગણી કરેલ છે, જે સ્વીકારવાપાત્ર નથી. આમ, અરજદારે તેમની અરજીમાં જે કારણોસર વચગાળાનાં જામીનની માંગણી કરેલ છે તે કારણો યોગ્ય કારણો જણાતા નથી.

(૮) વધુમાં, પોલીસ એફીડેવીટનાં કોલમ નં. ૩૧ મુજબ આરોપીનો ગુનાહીત ઈતીહાસ જોતા હાલના આરોપી સામે નીચે મુજબના ગુનાઓ નોંધાયેલા છે.

**(૧)** ભરૂચ શહેર 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં. પાર્ટ–બી ૦૯૪/૨૦૨૨, એન.ડી.પી.એસ. એકટ કલમ–૮(સી), ૨૨(બી), ૨૫, ૨૯ મુજબનો ગુનો.

**(૨)** ભરૂચ તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. પાર્ટ બી ૦૩૪૨/૨૦૨૨, એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૨(બી), ૨૯ મુજબનો ગુનો.

**(૩)** કાવી પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૦૪૩૪/૨૦૨૩, ઈ.પી.કો. કલમ–૩૭૬(૨)(જે)(એન), ૩૨૮, ૪૫૮, ૧૧૪ તથા

આઈ.ટી.એકટની કલમ–૬૭, ૬૭(એ), ૬૭(ઈ) મુજબનો ગુનો.

(૪) ભરૂચ શહેર 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૦૨૧૮/૨૦૨૪, ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૯, ૧૨૦(બી), ૩૨૩ તથા જેલ અધિનિયમની કલમ–૪૫(૨) (૧ ૫) મુજબનો ગુનો.

આમ, આરોપીનો ગુનાહિત ઈતિહાસ જોતા જો આરોપીને વચગાળાના જામીન ઉપર મુકત કરવામા આવે તો વચગાળાના જામીન દરમ્યાન ફરીથી આવા પ્રકારની ગુનાહિત પ્રવૃતી કરી ગુનાઓ આચરે તેવી પુરી શકયતા છે, તે સંજોગોમા પણ આરોપીને વચગાળાના જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતુ નથી. વધુમાં આરોપી તરફે નિ. ૮/૧ થી કાવી પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૦૪૩૪/૨૦૨૩, ઈ.પી.કો. કલમ–૩૭૬(૨)(જે)(એન), ૩૨૮, ૪૫૮, ૧૧૪ તથા આઈ.ટી.એકટની કલમ–૬૭, ૬૭(એ), ૬૭(ઈ) જેનો સેસન્સ કેસ નં. ૮/૨૦૨૪ નો ચુકાદો રજુ કરેલ છે, જેમાં હાલનાં અરજદાર/આરોપીનાઓ આરોપી નં. ૩ તરીકે છે અને તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. સદર ચુકાદાની હકીકતો જોતા, ભોગબનનાર હોસ્ટાઈલ થયેલ હોય આરોપીને નિર્દોષ છોડવામાં આવેલ હોય તેમ જણાય છે. વધુમાં તે કેસની ફરીયાદ હકીકત જોતા, તેમાં આરોપીઓએ ભોગબનનારને નશાકારક એમ.ડી. ડ્રગ્સનું ઈન્જેકશન આપી તેની સાથે શરીર સંબંધ બાંધ્યાનો આક્ષેપ છે. આમ, આ હકીકત જોતા, આરોપી ઈ.પી.કો. કલમ–૩૭૬ નાં ગુનાના

કામે નિર્દોષ છુટેલ છે, તેટલા માત્રથી તેનો ગુનાહિત ઈતિહાસ મટી જતો નથી અને આરોપી એમ.ડી. ડ્રગ્સનાં હેરાફેરી સાથે સંકળાયેલાનું સ્પષ્ટપણે જણાય આવે છે, ત્યારે આરોપીને વચગાળાનાં જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૯) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપી સામેનો ગુનાહિત ઈતિહાસ ધ્યાને લેતા તેમજ આરોપીએ જે કારણોસર વચગાળાના જામીનની માંગણી કરેલ છે તે કારણો યોગ્ય જણાતા ના હોય તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા પણ આરોપીને વચગાળાનાં જામીન આપેલા નથી તે તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતા, આરોપીને વચગાળાનાં જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતુ ના હોય હાલની જામીન અરજી નામંજુર કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામા આવે છે.

**<u>:: હુકમ ::</u>**

(૧) અરજદાર/આરોપી **ઈલ્યાસભાઈ અલીહુસૈન મલેક,** રહે. દેરોલ, નવીનગરી, શાલીમાર સોસાયટી નજીક, તા.જી.ભરૂચ, હાલ : સબજેલ, ભરૂચનાઓની ભરૂચ રૂરલ પોલીસ સ્ટેશન ગુ.ર. નં.૧૧૧૯૯૦૧૧૨૪૦૭૯૪/૨૦૨૪ થી એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૨(સી), ૨૫ અને ૨૯ મુજબનાં કામે <u>દિન–૩૦ નાં વચગાળાનાં</u> જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ હુકમની જાણ પોલીસ સ્ટેશનને કરવી.

(૩) આ હુકમની એક નકલ સંબંધિત જેલમાં આરોપીને આપવા માટે મોકલવી અને સુપ્રીન્ટેન્ડન્ટ/જેલરશ્રીએ આરોપીને નકલ આપ્યાનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજ **તા. ૧૭ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૭/૦૩/૨૦૨૬
સ્થળ : ભરૂચ

SUC

**( પી.એમ. સોની )**
પાંચમાં એડીશનલ સેસન્સ અને
સ્પે. એન.ડી.પી.એસ.જજ, ભરૂચ.
કોડ નં. જી.જે.૦૦૭૪૭